અપીલ અરજી નં.૨૭૬ તા.૪–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ,શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૬–૧૦–૧૦ ની અરજીથી (૧) સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન નજીકમાં જ નવું નિર્માણ થઈ રહેલ, રાહુલરાજ ટેક્ષટાઈલ સિટી ને આપેલ બાંધકામ પરવાનગીની સંપૂર્ણ માહિતી, તથા ખાડીના ભાગમાં પુરાણ કરવા બાબતે આપેલ બાંધકામની વિગતવાર માહિતી તથા કમિ.શ્રી એ તા.૧૩–૧૧–૨૦૦૯ના રોજ પરવાનગી આપેલ હોય તે પરવાનગીમાં ખાડી પુરાણ તેમજ પુરાણ ઉપર બાંધકામ કરવાનગી પરવાનગી આપી હોય કે ન આપી હોય તેની સંપુર્ણ માહિતી વિ.મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૬/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૬–૧૦–૧૦ ની અરજીથી (૧) સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન નજીકમાં જ નવું નિર્માણ થઈ રહેલ, રાહુલરાજ ટેક્ષટાઈલ સિટી ને આપેલ બાંધકામ પરવાનગીની સંપૂર્ણ માહિતી, તથા ખાડીના ભાગમાં પુરાણ કરવા બાબતે આપેલ બાંધકામની વિગતવાર માહિતી તથા કમિ.શ્રી એ તા.૧૩–૧૧–૨૦૦૯ ના રોજ પરવાનગી આપેલ હોય તે પરવાનગીમાં ખાડી પુરાણ તેમજ પુરાણ ઉપર બાંધકામ કરવાનગી પરવાનગી આપી હોય કે ન આપી હોય તેની સંપુર્ણ માહિતી વિ.મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૫ તા.૮–૧૨–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ, શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૩૪૫ તા.૨૩–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં શહેર વિકાસ અધિકારી સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળ હોઈ કોઈ માહિતી કે નકલ લીંબાયતઝોન ખાતેથી આપવા જોગ નથી. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અને ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૬–૧૦–૧૦ ની અરજીથી (૧) સાઉથ ઈસ્ટ(લિંબાયત)ઝોન નજીકમાં જ નવું નિર્માણ થઈ રહેલ, રાહુલરાજ ટેક્ષટાઈલ સિટી ને આપેલ બાંધકામ પરવાનગીની સંપૂર્ણ માહિતી, તથા ખાડીના ભાગમાં પુરાણ કરવા બાબતે આપેલ બાંધકામની વિગતવાર માહિતી તથા કમિ.શ્રી એ તા.૧૩–૧૧–૨૦૦૯ ના રોજ પરવાનગી આપેલ હોય તે પરવાનગીમાં ખાડી પુરાણ તેમજ પુરાણ ઉપર બાંધકામ કરવાની પરવાનગી આપી હોય કે ન આપી હોય તેની સંપુર્ણ માહિતી. (૨) ટાઉન પ્લાનર ધ્વારા ટીપી નો નંબર ખાડીની અંદરના ભાગમાં આપેલ હોય કે ન આપ્યો હોય તેના આધાર પુરાવા સહિતની સંપૂર્ણ માહિતી આપવી. તથા આ બાંધકામની આપેલ પરવાનગી મુજબ જ હાલમાં બાંધકામ થઈ રહેલ હોય અથવા જો બાંધકામ અંગે ગેરરીતિ થઈ રહેલ હોય તો તેની વિરુધ્ધ કાર્યવાહી કરવાની થતી હોય તે જવાબદાર અધિકારીઓના નામ તથા હોદ્દા સહિતની માહિતી આપવી. આમ અરજદારે મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ અને ટાઉન પ્લાનીંગ વિભાગને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૫૫ તા.૨૭–૧૦–૧૦ થી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ અને મધ્યસ્થ શહેર વિકાસને તથા કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તથા લીંબાયતઝોન ધ્વારા કોઈ માહિતી કે નિર્ણય ન આપ્યો હોવાથી તા.૪–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી સામે કાર્યવાહીની તેમજ વિના મુલ્યે માહિતીની માંગણી કરેલ છે. આમ બંને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરક માહિતીમા સદર માહિતી જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારીના કાર્યક્ષેત્રમાં આવે છે તેવું જણાવેલ છે. પરંતુ તેઓ તરફથી અરજદારને કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૦–૧૦ ની અરજીઓથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે. તથા જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સદર માહિતી તેઓના વિભાગને સ્પર્શતી ન હોય જયારે લાગત કાર્યક્ષેત્ર ધરાવતા સત્તાધિકારીને અરજી તબદીલ થયાની ખાત્રી કરી તે મુજબ સુચિત કરવું રહે પરંતુ તેમ કરવામા ન આવેલ હોય જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન અને સીટી ઈજનેરને આ બાબતે ભવિષ્યમાં કાળજી લેવા પણ જણાવવામા આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન),ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ,શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,